**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા૧૮/૦૭/૨૦૧૯ ગુરૂવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૦૩/૧૯**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૪ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૩૦૩ લીટર દેશી દારૂ, ૦૫ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૯૨,૮૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૨૦૪/૧૯**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૨૦૫/૧૯**

**કાલુપુરઃ** વૃષભભાઇ નીતીનભાઇ શાહ (રહે.આદિત્ય ફ્લેટ શાંતિનગર સોસાયટી ઉસ્માનપુરા) એ તા.૧૭/૭/૧૯ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૧૧/૨૦૧૮ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન ઘી કાંટા અનમોલ માર્કેટ ખાતે દુકાન નંબર-૨૦૨ થી આરોપી વિકેશ કાન્તીલાલ જૈન(જય અંબે ગારમેન્ટનાં પ્રોપરાઇટર) (રહે.જૈન દેરાસરવાળી ગલી, હરજી ગામ ઝાલોર રાજસ્થાન) એ ફોન કરી, રેડીમેડ શર્ટ નો માલ કિમત રૂપિયા ૧,૩૬,૯૭૮/- સારંગપૂર ચૌધરી ટ્રાન્સપોર્ટમાંથી વિકેશભાઇનાં સરનામે રાજસ્થાન ઝાલોર ખાતે મોકલી આપ્યા બાદ તા.૧૫/૧૨/૨૦૧૮ નારોજ કુલ ૨૮૨ નંગ રેડીમેડ શર્ટ કિમત રૂપિયા ૧,૦૫,૫૫૭/-, તા.૧૯/૦૧/૨૦૧૯ નારોજ કુલ ૨૩૭ નંગ રેડીમેડ શર્ટ કિમત રૂપિયા ૮૫,૫૫૪/-, તા.૯/૨/૨૦૧૯ નાં રોજ કુલ ૧૨૬ નંગ રેડીમેડ શર્ટ કિમત રૂપિયા ૪૯,૫૫૦/- અને તે જ તારીખે બીજા ૨૨૮ નંગ રેડીમેડ શર્ટ જેની કિંમત રૂપિયા ૯૩,૬૧૮/- મળી કુલ રૂપિયા ૪,૭૧,૨૫૭/- મતાનો રેડીમેડ શર્ટનો માલ મોકલી આપેલ હોવા છતા આજદીન સુધી માલ ના કોઇ નાણા નહી ચુકવી વૃષભભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એમ.ચૌધરી ચલાવે છે.

**શાહીબાગ** : મુકેશકુમાર બાબુલાલજી બાગરેચા (રહે.વસંતવિહાર ટાવર ડફનાળા સર્કલ પાસે સરકીટ હાઉસ શાહીબાગ) એ તા.૧૭/૭/૧૯ નારોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૫/૧૯ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે સર્કીટ હાઉસ સામે ઓસવાલ ભવનની ગલીના કોર્નર પાસે આરોપી (૧)ઉદયરાજજી (૨) રમેશ અને (૩) એક અજાણી સ્ત્રી એ ભેગામળી મુકેશકુમાર ને નમુના રૂપે પહેલા ૦૨ નંગ હિરા આપેલા, જે સાચા નીકળેલા, ત્યારબાદ ૨૦૦ નંગ હિરાનુ પેકેટ આપેલ જેના બદલામાં મુકેશકુમારે કુલ રૂપિયા ૧૨,૫૦,૦૦૦/- આપ્યા હતા. જે ૨૦૦ નંગ હિરાની લેબોરેટરી તપાસ કરાવતા હિરા ખોટા હોવાનુ માલુમ પડતા મુકેશભાઇ સાથે વિશ્વાસ અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.દેસાઇ ચલાવે છે.

**સાયબર ક્રાઇમ : (૧)** ચીંતનભાઇ પ્રવિણચંદ્ર શાહ (રહે.સહજાનંદ એપાર્ટમેન્ટ, ડીવાઇલાઇવ્સ સ્કુલની બાજુમાં, વાસણા) એ તા.૧૭/૭/૧૯ નારોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૪/૨૦૧૯ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન ઇન્ટરનેટના માધ્યમથી આરોપી (૧) "sienna jesse" વોટસઅપ નંબર +૪૪૭૭૨૫૭૯૫૦૭૪ (૨) કસ્ટમર ઓફિસર રાજબીરસીંઘ મોબાઇલ નંબર ૭૨૮૯૦૨૧૧૪૩ (૩) આલીયા ચૌધરી મોબાઇલ નંબર ૭૨૯૦૯૮૦૪૮૦ ના ધારક તથા એકસીસ બેંકનો એકાઉન્ટ નંબર ૯૧૯૦૧૦૦૦૧૨૯૮૬૯૫, ઇન્ડસઇન્ડ બેંક એકાઉન્ટ નંબર ૨૦૧૦૦૩૦૬૧૮૯૪ ના ધારકે ભેગામળી ચીંતનભાઇ સાથે ફેસબુક ઉપર મિત્રતા કેળવી, કસ્ટમર ઓફિસર અને આર.બી.આઇ. ઓફિસર તરીકેની ખોટી ઓળખાણ આપી, વિશ્વાસ કેળવી ચીંતનભાઇ પાસેથી પાઉન્ડના ડીમાન્ડ ડ્રાફટ પેટે કુલ રૂપિયા ૫,૩૭,૦૦૦/- ભરાવી ચીંતનભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીડીં કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.બી.બારડ ચલાવે છે.

**સાયબર ક્રાઇમ : (૨)** સુનિલભાઇ નારણભાઇ મુખરજી (રહે.સોના ફ્લેટ, જુના વાડજ સર્કલ, વાડજ) એ તા.૧૭/૭/૧૯ નારોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે ૦૮/૨૦૧૬ તેમજ તા.૩૦/૧૧/૨૦૧૮ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) વિરેન્દ્રસીંગ (૨) યોગીતા રાવત (૩) પ્રશાંત ચૌધરી (૪)સુશીલ ભટ્ટાચાર્ય (૫) રાહુલ (૬) સંજય શ્રીવાસ્તવ નાઓના અલગ-અલગ મોબાઇલ નંબરથી તથા અલગ-અલગ બેંક એકાઉન્ટ નંબરોના ધારકો એ ભેગામળી સુનિલભાઇના પિતાજીના નામની કોઇ પોલીસી પાકેલ ના હોવા છતાં તેના નાણાં રીફંડ આપવાના બહાને નવી પોલીસી લેવડાવી તેના નાણાં પરત અપાવવા માટે ત્રણ પ્રિમીયમ ભરાવી, "Exide Life Insurance" કંપનીમાંથી બોલતા હોવાનો વિશ્વાસ કેળવી જુદા-જુદા નંબરો થી જુદી-જુદી વ્યકિતીઓએ ફોન કરી વિશ્વાસ કેળવી, સુનિલભાઇ પાસેથી પ્રિમીયમના નાણાં પરત અપાવવાના બહાને અલગ-અલગ ચાર્જ પેટે કુલ રૂપિયા ૩૭,૭૩,૦૯૭/- ભરાવી પોલીસી ના નાણાં પરત નહી આપી, સુનિલભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીડીં કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.વી.ગળચર ચલાવે છે.

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૨૦૬/૧૯</u>**

**રામોલઃ** સ્મીતાબહેન વા/ઓ યોગેશભાઈ મહેતા (રહે. રાજેશ્વર પ્લેનેટ્સ ટાવર નંબર-૯ વડોદરા) એ તા.૧૭/૭/૧૯ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૭/૧૯ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે રામોલ એક્સપ્રેસ હાઈવે સામે થી રિક્ષામાં બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે રિક્ષામાં બેઠેલ બે પુરૂષોએ રિક્ષા ચાલકની મદદગારી થી સ્મીતાબહેનની નજર ચુકવી તેમના થેલામાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૨,૦૪,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨,૨૯,૦૦૦/- મતાની ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.બી.વાઘેલા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૨૦૭/૧૯**

**નારોલ : (૧)** કૃણાલ અરવિંદભાઇ વસાવા (રહે.ભુછાળ નવી નગરી તા-રાજપીપળા જી-નર્મદા) એ પોતાની બીમારીથી કંટાળી જઇ, તા.૧૭/૦૭/૨૦૧૯ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે આદિત્ય આવાસ ફ્લેટની સામે તલાવડી પાસે બાવળના ઝાડની ડાળી સાથે રૂમાલ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી.આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી ખાનસિંગ બામણીયાભાઇ ચલાવે છે.

**નારોલ : (૨)** વિજય રામસ્વરૂપ ઠાકોર (ઉ.વ.૨૩)(રહે.વિજય નગર સોસાયટી નારોલ કોર્ટની પાછળ, નારોલ) એ માનસીક બીમારીના કારણે તા.૧૭/૦૭/૨૦૧૯ સાંજના ૫/૦૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે છતની લોખંડની એંન્ગલ સાથે કાપડ તથા દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી ખાનસિંગ બામણીયાભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.